## મોડાસાના આનંદપુરા કંપામાં નવરાત્રીમાં અનોખી વેશભૂષા લોક આકર્ષણ કેન્દ્ર બની



મોડાસા તાલુકાના આનંદપુરા કંપામાં વર્ષોથી નવરાત્રી પર્વના સાતમાં નોરતે વેશભુષાનું આયોજન કરવામાં આવે છે જેમાં અબાલ, વૃદ્ધ સૌ કોઈ અલગ-અલગ વેશભૂષામાં તૈયાર થઈ ગરબા રમે છે આનંદપુરા કંપાની વેશભૂષામાં ધાર્મિક,લોક જાગૃતિ, ગ્રામ્ય વિસ્તારની ઝાંખી દેશ ભક્તિ સહીતની વેશભૂષામાં નાના બાળકો, યુવતીઓ, મહિલાઓ અને વૃધ્ધો આકર્ષણ જમાવે છે જેમાં ફૂલ જોગણીમાંની વેશભુષાની લોકોએ સરાહના કરી હતી.

## પાલનપુરમાં નવદુર્ગા સમાન નવ દીકરીઓની પૂજા અર્ચના કરાઈ





નવરાત્રીના પવિત્ર તહેવારમાં છઠ્ઠા નોરતે ખોડા લીમડા વિસ્તારમાં આવેલ ખોડીયાર માતાના મંદિરે નવદુર્ગા પૂજા કાર્યક્રમનું શ્રી રામ સેવા સમિતિ પાલનપુર દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં રામજી મંદિરના મહંત શ્રી શ્રીશ્રી ૧૦૦૮ રાઘવદાસજી મહારાજ, ભરતભાઈ લીમ્બાચીયા, મુકેશભાઈ પ્રજાપતિ, પંકજભાઈ દરજી, હિમાંશુભાઇ પ્રજાપતિ સોમાભાઈ દરજી, કનુભાઈ ચૌહાણ હેમંતભાઈ તેમજ શ્રી રામ સેવા સમિતિના તમામ કાર્યકર્તાઓ હાજર રહી દુર્ગા પૂજાના કાર્યક્રમમાં ભાગ લીધો હતો હતો. આરતી તથા લાણી શ્રી રામ સેવા સમિતિ દ્વારા આપવામાં આવી હતી. કાર્યક્રમમાં નવ દીકરીઓની પૂજા કરવામાં આવી એને એમને વોટરબેગ ગિફ્ટ આપી હતી.

## મોડાસાના આનંદપુરા કંપા નવરાત્રી મહોત્સવમાં ખેડૂતોએ મનની વાત કરી, કહ્યું, "આતો દેખાય છે બાકી ખેડૂતો અંદરથી દુ:ખી"



સમગ્ર રાજ્યમાં હાલ નવરાત્રી મહોત્સવી ઉજવણી ચાલી રહી છે આ વચ્ચે અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકામાં આવેલા આનંદપુરા કંપામાં ખેડૂતો પણ વેશભૂષામાં જોડાયા હતા. અનોખી રીતે યોજાયેલી વેશભૂષા નવરાત્રી મહોત્સવમાં ખેડૂતોએ પોતાના મનની વાત કરતા જણાવ્યું કે, ખેડૂતોની વાત સાંભળવામાં આવતી નથી. ખેડૂતો ધરણા પ્રદર્શન કરી રહ્યા છે પણ તેઓની વાત ક્યારે સાંભળવામાં આવશે તે સવાલ છે. ખેડૂતોને વીજળી સહિતના પ્રશ્નોની સમસ્યાઓ છે પણ હજુ સુધી તેનો નિવેળો આવ્યો ન હોવાથી ખેડૂતોમાં રોષ જોવા મળ્યો હતો.આનંદપુરામાં અનોખી નવરાત્રી મહોત્સવમાં ખેડૂતો માથે ઘાસચારાનું પોટલ મુકીને પોતાની અને અન્ય ખેડૂતોને પડતી હાલાકીના વાત કરી હતી. આ સાથે જ ખેડૂતોએ જણાવ્યું કે, ભારતીય કિસાન સંઘના ખેડૂતો ઘણાં સમયથી વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે પણ તેઓની સામે જોવામાં આવતું નથી. ખેડૂતોનું કહેવું છે કે, દિવસે વીજળી આપવાની વાતો ઘણાં સમયથી કરવામાં આવે છે પરંતુ હજુ તે બાબતે યોગ્ય નિરાકરણ આવ્યું નથી. આ સાથે જ ખેડૂતોએ ઉમેર્યું કે, ઉપરથી ખેડૂતો ખુશ દેખાઈ રહ્યા છે બાકી તો ખેડૂતો દુખી જ છે. જેથી રોષે ભરાયેલા ખેડૂતોએ ચિમકી ઉચ્ચારી કે, જો આવું થયું તો સરકાર ખેડૂતોના રોષને કારણે ફેંકાઈ શકે છે.

## જિલ્લામાં મગફળી કાઢવાની શરુઆત પરંતુ વાદળો ગોરંભાતાં ખેડૂતો ચિંતિત

### આ વર્ષે સારો ઉતારો અને ભાવ સારા મળતાં ખેડૂતો મલકાયા

બાયડ (બ્યુરો ઓફીસ), તા.૦૩

સારા વરસાદના કારણે જિલ્લામાં મબલખ મગફળીનું ઉત્પાદન ખેતરમાં જોવા મળી રહ્યું છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં મગફળી પકવતા ખેડૂતોએ છેલ્લા સપ્તાહથી મગફળી કાઢવાની શરુઆત કરતાં ખેતરો જીવંત બન્યા છે પરંતુ રવિવારે વાદળો ગોરંભાતાં વરસાદ વરસે તો મકાઈના પાકને નુકસાન થવાનો ભય ખેડૂતોએ વ્યક્ત કર્યો છે..



પ્રાપ્ત જાણકારી અનુસાર ઉનાળુ અને ચોમાસુ મગફળીનો પાક મેળવીને ખેડૂતો ખાસ કરીને તેલના ભાવ કાબુમાં રાખવામાં સરકાર અને પ્રજાને આડકતરી રીતે મદદરુપ થતા હોય છે. આ વર્ષે ઉત્તર ગુજરાતમાં અતિશય વરસાદથી ચોમાસુ ખેતીને નુકસાન થયું છે પરંતુ સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં આ વર્ષ સારો વરસાદ વરસ્યો પરંતુ ખેતી માટે કેટલાક તાલુકાઓને બાદ કરતાં વરસાદ ફાયદારૂપ રહ્યો છે. બંને જિલ્લામાં ૧,૨૮,૦૦૦ હેક્ટર જમીનમાં મગફળીનું વાવેતર થયા પછી ૧૨૦ દિવસ પછી મગફળીનો પાક તૈયાર થઈ ગયો છે. જે ખેડૂતોએ જુલાઈ મહિનાના મધ્યમાં વાવેતર કર્યું હતું તે મગફળીનો પાક હજુ તૈયાર થયો નથી પરંતુ જૂન મહિનાથી વાવેતર કરનારા ખેડૂતોની મગફળીનો પાક તૈયાર થયા પછી કાઢવાની કામગીરી પૂરજોશમાં છે. લાભપાંચમથી સરકાર દ્વારા ટેકાના ભાવે મગફળીની ખરીદી થવાની છે પરંતુ ટેકાના ભાવ કરતાં પણ ખેડૂતોને ખાનગી બજારમાં ૨૦ કિલોગ્રામ દીઠ ૫૦૦ થી વધુ રુપિયાનો ફાયદો થઈ રહ્યો છે. જેથી ખેડૂતોએ વરસાદની દહેશત હોવા છતાં પણ મગફળીનો પાક કાઢવાની શરુઆત કરી છે. રવિવારે બપોર બાદ જિલ્લામાં વાદળો ઘેરાતાં ફરી એકવાર મગફળી પકવતા ખેડૂતો ચિંતિત બન્યા છે. સામાન્ય વરસાદ વરસે તો પણ મગફળીનો પાક ભીંજાઈ જાય અને ખેડૂતો પાસેથી વેપારીઓ ભીંજાયેલા માલની ઓથ હેઠળ ખેડૂતો પાસેથી સસ્તા ભાવે મગફળી ખરીદી લે તેવી દહેશત પણ કેટલાક ખેડૂતોને સતાવી રહી છે.

## જિલ્લામાં પડતર પ્રશ્નોનો ઉકેલ ન આવતાં પાણી પુરવઠા વિભાગના કર્મચારીઓની જલદ આંદોલનની ચીમકી

### વાસ્મો વિભાગના કર્મચારીઓની વિવિધ માંગણીઓને લઈને વિરોધ પ્રદર્શન જારી

બાયડ (બ્યુરો ઓફીસ), તા.૦૩

પોતાની પડતર માંગ-પ્રશ્નોનો ૨૨ દિવસથી ઉકેલ ન આવતાં વાસ્મો, પાણી પુરવઠા વિભાગના કર્મચારીઓ છેલ્લા ૨૦ દિવસથી આંદોલનના માર્ગ છે. ગાંધી જ્યતિથી જલદ કાર્યક્રમોની ચીમકી ઉચ્ચારવામાં આવી છે. મુખ્ય મંત્રી સુધી રજૂઆત છતાં ઉકેલ ન આવતાં હવે નવી વ્યુહ રચના કરવામાં આવશે તેમ સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના વાસ્મ વિભાગના કર્મચારીઓએ જણાવ્યું છે. પ્રાપ્ત જાણકારી અનુસાર વાસ્મો વિભાગ દ્વારા પણ હવે વાસ્મો સર્વિસ મેન્યુઅલ-૨૦૦૨નો અમલ કરવામાં તંત્ર પાછી પાની કરી રહ્યું છે. મેન્યુઅલમાં કર્મચારીઓના પગારધોરણ, હોદા, અપગ્રેડેશન, ગ્રેજ્યુઈટી, પી.એફ જેવા લાભ આપવાની જોગવાઈ હતી પરંતુ ૨૦ વર્ષ થવા છતાં કોઈ ઉકેલ આવ્યો નથી. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લા વાસ્મો વિભાગના કર્મચારીઓએ ઘેર ઘેર નળ કનેકશન આપીને સરકાર અને વિભાગની કામગીરીને નેત્ર દિપક બનાવી હતી પરંતુ તેમને મળવાપાત્ર હક્કો અને લાભ ૨૦ વર્ષ પછી પણ મળ્યા નથી. જેના કારણે સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના વાસ્મો વિભાગના કર્મચારીઓએ આ મુદે શરુ કરેલું આંદોલન ૨૨ મા દિવસમાં પ્રવેશ્ય છે અને ગાંધી જ્યતિથી જલદ કાર્યક્રમોની ચીમકી આપવામાં આવી રહી છે. કર્મચારીઓ દ્વારા પોતાની પડતર માંગ મુદે અગાઉ કાળીપટ્ટી ધારણ કરવી, પેનડાઉન કાર્યક્રમ, માસ સી.એલ. અને છેલ્લા ૨૦ દિવસથી કચેરીના કામથી એડગા રહ્યા છતાં કોઈ ઉકેલ આવ્યો નથી. જેથી પોતાના હક્ક માટે આરપારની લડાઈ લડવાના બંન્ને જિલ્લાના વાસ્મો(પાણી પુરવઠા) વિભાગના કર્મચારીઓએ નિર્ધાર વ્યક્ત કર્યાનું જાણવા મળ્યું છે.

## લેઉઆ પાટીદાર સમાજ, મોડાસાના અગ્રણી મુકેશભાઈ પટેલનું દુ:ખદ અવસાન

બાયડ તા.૩

ધંધા રોજગાર ની સાથે સેવાની સુવાસ ફેલાવેલ માલપુર તાલુકા ના મૂળ વતન જેસવાડી ગામના વતની અને મોડાસાને કર્મભૂમિ સાથે સેવાઓ ની સદાબહાર કોઈપણ ધર્મ જ્ઞાતિ ના સંપ્રદાય ધાર્મિક સામાજિક ક્ષેત્રે તમામ લોકો ને શંકરભાઇ જેઠાભાઇ પટેલ પરિવાર અનેક પ્રકારના સેવાઓ કરતા હતા જેઓ સબ ટ્રેઝરી ઑફિસરથી નિવૃત થઈ મોડાસા નિવૃત કર્મચારી મંડળ ના પ્રમુખ તરીકે સેવા આપી રહ્યા છે તેમના મોટા પુત્ર કમલેશભાઈ કે જેઓ મોડાસા શહેર ની અનેક સામાજિક અને સહકારી સંસ્થાઓ સાથે સંકળાયેલ છે પૂર્વ ચેરમેન



મોડાસા નાગરિક બેક્ર , પૂર્વ કારોબારી અધ્યક્ષ નગર પાલિકા મોડાસા તેમજ અરવલ્લી જિલ્લા બિલ્ડર એસોસિશન ના પ્રમુખ, બેહરા મૂંગા શાળાના ઉપ પ્રમુખ , શંકરભાઈ ના નાના પુત્ર તારકભાઈ પૂર્વ કારોબારી અધ્યક્ષ નગર પાલિકા મોડાસા કન્વીનર ગુજરાત બૂક્સ અને સ્ટેશનરી મેન્યુફેક્ચર એસોસીએસન ગુજરાત સાબરકાંઠા અરવલ્લી તથા મોડાસા બૂક્સ અને સ્ટેશનરી એસોસીએસન ના પ્રમુખ અને હાલ મોડાસા શહેર ભારતીય જનતા પાર્ટી ના મહામંત્રી આવા પરિવાર ના પરિવારજન સ્વ મુકેશભાઈ કે જેઓ બિલ્ડર તેમજ ઈલેક્ટ્રિક ના વ્યવસાય સાથે જોડાયેલા હતા અને સાંઈ મંદિર ગણેશ મહોત્સવ જેવા ધાર્મિક સ્થળો ઉપર હંમેશા આગળ રહેતા સેવાભાવી અને કોઈપણ કામગીરી માં અગ્રેસર રહી અવિરતપણે સેવાઓ પુરી પાડતા ૫૧ વર્ષીય આશાસ્પદ મુકેશભાઈ પટેલ નું ટૂંકી માંદગી બાદ તા ૦૨।૦૧૦।૨૨ રવિવારના દિવસે દુખદ અવસાન થતા મોટી સઁખ્યામા મોડાસા -માલપુર શહેર વાસીઓ અંતિમ યાત્રામાં જોડાયા હતા પરિવાર સાથે સમગ્ર જિલ્લા શહેર વાસીઓએ અત્યંત દુઃખ અનુભવ્યું અને નવરાત્રી ના મહાપર્વ માં સમગ્ર મોડાસા તેમજ માલપુર તાલુકામાં દુઃખદ સમાચાર ની જાણ થતાં શોકમગ્ન વાતાવરણ છવાઈ ગયું હતું સ્વ મુકેશભાઈ પટેલ ની અંતિમ વિદાય થી તેમના પાછળ તેમના પત્ની મંજુલા બેન તેમજ તેમનો પુત્ર ડીલનકુમાર અને પુત્રી પિલનબેન ને વિલાપ કરતા દુનિયા છોડી જતા રહ્યા જેમની શોકસભા તા ૦૮।૧૦।૨૦૨૨ ના રોજ મોડાસા ના ઓધારી મન્દિર ખાતે રાખવામાં આવેલ છે

## આજે પ્રાંતિજના બ્રહ્માણી માતાના ચોકમાં પલ્લીમેળો ભરાશે

પ્રાંતિજ તા.૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે નવરાત્રી માં નવમા નોરતે નુમના દિવસે વર્ષોથી રાત્રીના સમયે પલ્લીનો મેળો ભરાય છે જેમાં આજે પ્રાંતિજ ના બ્રહમાણી માતાના મંદિરે પલ્લી મેળો ભરાશે જેમાં હજારો ની સંખ્યામાં માઈભકતો ઉમટી પડશે અને પલ્લીના દર્શન કરી ધન્યતા અનુભવશે અને જય અંબે...ના ધોષથી સમ્રગ પ્રાંતિજ ગુંજીશે

બ્રહમાણી મંડળ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ સુંદર એવી વ્યવસ્થા કરવામાં આવીછે મંદિર તરફથી કોઈ પણ જાતની માઈ ભકતોને કષ્ટના પડે તેની ઝીણવટ ભરી દેખરેખ રાખવામાં આવીછે ભકતો દ્વારા પલ્લી માં માંગેલ બાધા પૂર્ણ કરવા માટે ધી ચડાવવા માટે મંદિર માં મંદિર વ્યવસ્થા સ્થાપકો દ્વારા વ્યવસ્થા કરવામાં આવેલછે.જયારે આધશકિત પાર્વતીના નવ અવતારોમાં દ્રિતીયમ બ્રહ્મચારીણીમ્ એ બ્રહ્માની શકિતથી ઉત્પન્ન થયેલ બ્રહ્મચારીણી એજ બ્રહમાણી રૂપે સર્વત્ર પૂજાવા લાગ્યાં અને અસુરોના સંહાર વખતે બ્રહમાણીએ પોતાના કમંડળમાં રહેલ જળનો છંટકાવ કરીને અસુરોને શક્તિહીન બનાવી દીધા હતાં જયારે નર્મદા નદીના ચાણોદથી લઈને સાબરમતીના ઉત્તર ભાગને નૈમેષારણ્ય તરીકે ઓળખવામાં આવતું હતું જેથી પાંડવોએ અજ્ઞાત વાસ દરમ્યાન શસ્ત્રો આ ધાઢ જંગલોમાં ખીજડાનાઝાડ ઉપર સંતાડયાં



હતાં અજ્ઞાતવાસ પછી જયારે તેઓ પાછાં ફર્યા ત્યારે તેમનાં શસ્ત્રો સલામત પાછાં મળ્યા તે સ્થાન રૂપાવટી નગરી એટલે કે હાલનું રૂપાલ ગામ અને માતાજીએ તેમને વિજયી થયાનું વરદાન આપ્યું તેથી રૂપાલ નાં વરદાયિની કહેવામાં બીજો શાસ્ત્રો સાબરમતી ના જંગલ માથી પ્રાપ્ત થયા તે સ્થાનને પાંડવોએ પ્રાપ્તિપુરી નગરી વસાવી તેનું અપભ્રંશ થતાં પ્રાંતિજ નગર બન્યું. શસ્ત્રો પ્રાપ્ત થતાં પાંડવોએ યજ્ઞ કર્યો માતાજીની સોનાની પલ્લી બનાવી તેના ઉપર ચોખ્ખા ધીનો અભિષેક કર્યો ત્યારબાદ દર આસો સુદ-૯ (નુમ) ના દિવસે પલ્લી કાઢવામાં આવેછે જયારે આજના યુગમાં સોનાની પલ્લી બનાવી શકાય તેમ ના હોવાથી તેના પ્રતિક તરીકે ખીજડાના લાકડા માંથી પલ્લી બનાવવામાં આવેછે પ્રાંતિજ નાની ભાગોળ પટેલવાસમાં સૌવ પહેલાં રાજપૂતો અને નાગર બ્રાહ્મણોરહેતા હતાં માતાજી રાજપૂતના ધરે કુંવારીકા રૂપે જન્મ્યાં હતાં તેમના પિતાએ ઓજલના રીવાજને લઈ નવરાત્રી માં ગરબે રમવા ના જવા દેતા તેવોને માઠું લાગી આવતા હાઈવે ઉપર આવેલ માર્કન્ડેશ્વર મહાદેવ મંદિર રામદ્રારા નજીક વાવમાં પડતું મુક્યુ હતુ ત્યારબાદ રાજપૂતોએ વાવમાં તપાસ કરતાં ફકત થોડા ફુલો જ હાથ લાગ્યા હતાં.જયારે હાલ પલ્લી પટેલવાસ માં આવેલોછે ત્યાં પહેલાં રાજપૂતો ની વસ્તી હતી એટલે માઢ પાસે આજે પણ રાજપૂતો ની સ્ત્રીઓ ને દર્શન કરાવવાનો રીવાજ આજેય છે જોકે આજે એક પણ રજપૂત સમાજ નું ધર કે કુટુંબ આવેલ નથી પણ વર્ષોથી ચાલી આવતી પરમપરા આજેપણ જણવાઈ રહીછે.અને માઢ સુધી પલ્લી યાત્રા લઈ જવામાં આવેછે અને પછી મંદિર થી એક કિલોમીટર દુર રાવળ વિસ્તારની બાજુમાં આવેલ એક ખેતરમાં ઠંડી પાડવામાં આવેછે.





પ્રાંતિજ ખાતે કચ્છ કડવા પાટીદાર સમાજ દ્વારા નવરાત્રી દરમ્યાન વેશભુષા કાર્યકમ યોજાયો હતો. પોલીસ,સૈનિક, જોકર, શ્રવણ, મરાઠી, સૈનિક નેતા સહિત ની ઝાંખી જોવા મળી હતી આબેહૂબ વેશભુષા સાથે ખૈલયા ઓ ગરબે ઘૂમતા નજરે પડયા હતા.









## પાલનપુરમાં નવરાત્રીમાં યૌવન હિલોળે ચડ્યું...



મેં તો શણગાર્યો ચાચર ચોક માડી વહેલા આવોને, કેસરિયો રંગ તને લાગ્યો અલા ગરબા જેવા આધુનિક અને પ્રાચીન ગરબાઓની સુરાવલીઓ સાથે પાલનપુરમાં નવરાત્રી ભારે રંગત જમાવી રહી છે. શહેરના ખાનગી પાર્ટી પ્લોટો અને જાહેર ગરબાઓમાં ખેલૈયાઓ મન ભરીને ઝૂમી રહ્યા છે.નવરાત્રી ના સાત સાત દિવસ બાદ હજુ ખેલૈયાઓમાં જરાય થાક દેખાતો નથી. દરરોજ અવનવા સ્ટેપ્સ દાંડીયારાસ હીંચ અને સનેડો ધૂમ મચાવી રહ્યો છે. સાથે સાથે ખાણીપીણી અને ફાફડા જલેબી ચા નાસ્તા ની મોજ ગરબાઓમાં લોકો માણી રહ્યા છે. કોરોનાના બે વર્ષ બાદ ગરવા ગુજરાતીઓનો સૌથી મોટો તહેવાર નવરાત્રી ભારે રંગત જમાવી રહી છે.

## પ્રાંતિજ એમ.સી.દેસાઈ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ સંકુલમાં નવરાત્રી મહોત્સવની ભવ્ય ઉજવણી



પ્રાંતિજ તા.૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ શ્રીમતી એમ.સી.દેસાઇ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ મા નવરાત્રી પર્વ ની ઉજવણી તથા તાજેતરમાંજ યુનિવર્સિટી મા એકાંકી મા વિજેતા થયેલ કલાકારો ને પણ પ્રમાણ પત્ર સહિત મોમેન્ટો આપીને પ્રોત્સાહિત કરવામા આવ્યા. પ્રાંતિજ પ્રાધ્યાપક મંડળસંચાલિત શ્રીમતી એમ.સી.દેસાઇ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતે નવરાત્રી મહોત્સવ નુ આયોજન કરવામા આવ્યુ હતુ જેમા કલ્ચર પ્રોગ્રામ મા કોલેજ મા અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો અને ગરમે ધુમી મા ની આરાધના કરી હતી તો આ પ્રસંગે નિર્ણાયક તરીકે ફિલ્મ જગત માં પ્રચલિત બનેલા વિવેકા પટેલ કે અનેક ગુજરાતી સિરીયલ ઉપરાંત ફિલ્મો જેવી કે ફેડબુલ , બજાબા તેમજ " સાહિલ જિંદગી ની શોધ માં જૈવી અનેક ફિલ્મોમા અભિનય ના અજવાળા પાથર્યા છે અને તાજેતરમાંજ " હેલોજિંદગી નુ નિર્માણ કરેલ છે વિવેકા પટેલે નિર્ણાયક તરીકે આમંત્રિત કરવામા આવ્યા હતા તો પ્રાંતિજ નગર ના શ્રેષ્ઠી ભૂનેશભાઈ પરીખ પણ ઉપસ્થિત રહ્યા હતા તો આ પ્રસંગે કોલેજ ના પ્રિન્સિપાલ ડૉ.કામેશ્વર પ્રસાદ , રાજુભાઈ પંચાલ , ડૉ કાન્તીભાઈ પ્રજાપતિ ,, ડૉ.સતીષભાઈ પટેલ , ડૉ.આર.કે.રાવળીયા સહિત ઉપસ્થિત રહ્યા હતા તો ઉપસ્થિત મહેમાનો ના હસ્તે ગરબા વિજેતાઓને ઈનામ આપીને પ્રોત્સાહિત કર્યા હતા અને તાજેતરમાંજ યુનિવર્સિટીએ એકાંકી મા ભાગ લઈ ને નંબર લાવનાર દિગ્દર્શિત મહેન્દ્રભાઈ પ્રજાપતિ તથા તમામ કલાકારોને પણ ઉપસ્થિત મહેમાનશ્રીઓના હસ્તે પ્રમાણ પત્ર અને મોમેન્ટો આપી પ્રોત્સાહિત કરવામા આવ્યા હતા.



## તારા વિના શ્યામ મને એકલડું લાગે ....રાસ રમવાને વહેલો આવજે...

અરવલ્લી જિલ્લા સહીત મોડાસા માં નવલી નોરતાની રાત્રિઓમાં ખલૈયાઓ મન મૂકીને ગરબે ઘૂમી રહ્યા છે આદ્યશક્તિના આ પર્વમાં આધુનિકતા પ્રવેશી ગઈ છે,પરંતુ માઈભક્તો માટે આનંદ,ઉલ્લાસ અને ભક્તિ નું પર્વ કહેવાતા નવરાત્રી પર્વે ગરબે ઘુમવાનો આનંદ તો કઈ ઓર જ છે નવરાત્રી મેદાનો માં વિવિધ પ્રકારના લાઈટિંગ ડેકોરેશન ,ગાયકવૃંદો અને ડીજે ના તાલે નાના ભૂલકાઓ,યુવતીઓ અને મહિલાઓ સોળે શણગાર સજી ભારે ઉત્સાહભેર ગરબા અને રાસ રમવામાં મશગુલ બની જાય છે